જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । મંગળવાર । તા. ૨૬-૩-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૬ । છૂટક નકલ : ૩ રૂા. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂા.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

ચૂંટણી માહોલમાં કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીની મોટી જાહેરાત

૨૦ ટકા સૌથી ગરીબ પરિવારને વર્ષમાં ૭૨૦૦૦ રૂપિયા અપાશે

ગરીબીને દેશમાંથી દૂર કરવાની ખાતરી આપી : સ્કીમ હેઠળ દરેક ગરીબની ઈન્કમ ૧૨,૦૦૦ રૂપિયા રહે તેવી ખાતરી કરાશે : ૨૫ કરોડ લોકોને ફાયદો

નવીદિલ્હી

લોકસભાની ચૂંટણી માટે કાર્યક્રમની જાહેરાત થયા બાદથી દરેક રાજકીય પક્ષો માહોલને પોતપોતાની તરફેણમાં કરવા એક પછી એક વચનો આપી રહ્યા છે. હવે ચૂંટણી માહોલ વચ્ચે કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ દેશમાંથી ગરીબીને દૂર કરવા માટે સંકલ્પ લેતા મોટી જાહેરાત કરી હતી. રાહુલે જાહેરાત કરી હતી કે, જો કોંગ્રેસની સરકાર બનશે તો દેશના ૨૦ ટકા સૌથી ગરીબ પરિવારોને દર વર્ષે ૭૨૦૦૦ રૂપિયા આપવામાં આવશે. પોતાના દાદી ઈન્દિરા ગાંધીના ગરીબી હટાવો નારાની દિશામાં આગળ વધીને વધીને રાહુલે દાવો કર્યો હતો કે, અમે દેશમાંથી ગરીબીને દૂર કરવા માટે ઈચ્છુક છીએ. રાહુલે કહ્યું તું કે, લઘુત્તમ આવકની આ યોજના તબક્કાવારરીતે અમલી કરવામાં આવશે. ગરીબોના બેંક ખાતામાં સીધીરીતે પૈસા ઉમેરવામાં આવશે. કોંગ્રેસની આ યોજનાને મનરેગા પાર્ટ-૨ તરીકે ગણવામાં આવે છે. ભાજપ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર પ્રહાર કરતા રાહુલે કહ્યું હતું કે, પાંચ વર્ષમાં પ્રજાને ખુબ તકલીફ થઇ છે.

આવી સ્થિતિમાં કોંગ્રેસે નિર્ણય કર્યો છે કે, અમે ગરીબોને ન્યાય આપીશું. આ પ્રકારની લઘુત્તમ આવક યોજના દુનિયામાં કોઈપણ જગ્યાએ નથી. લઘુત્તમ આવક મર્યાદા ૧૨૦૦૦ રૂપિયાની રહેશે અને આટલી રકમ દેશમાં રહેલી છે. યોજનાના સંદર્ભમાં માહિતી આપતા રાહુલે કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી ગેરન્ટી આપે છે કે, ૨૦ ટકા સૌથી ગરીબ પરિવારોને દર વર્ષે ૭૨૦૦૦ રૂપિયા આપવામાં આવશે. આનાથી દરેક જાતિ, દરેક ધર્મના ગરીબોને ફાયદો થશે. રાહુલે કહ્યું હતું કે, આ સ્કીમ હેઠળ દરેક ગરીબની ઈન્કમ ૧૨૦૦૦ રૂપિયા ગણવામાં આવશે. સ્કીમ હેઠળ જો કોઈની આવક ૧૨૦૦૦ રૂપિયાથી ઓછી છે તો તેને આટલા પૈસા સરકાર દ્વારા આપવામાં આવશે. જેમ કે કોઈની આવક ૬૦૦૦ રૂપિયા છે તો સરકાર તેને બીજા ૬૦૦૦ રૂપિયા આપશે જ્યારે વ્યક્તિ ૧૨૦૦૦ રૂપિયાની ઈન્કમ સુધી પહોંચી જશે ત્યારે તે સ્કીમમાંથી બહાર આવી જશે. રાહુલે એમ પણ કહ્યું હતું કે, મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને રાજસ્થાનમાં કોંગ્રેસે લોન માફીનું વચન આપ્યું હતું અને અમે પૂર્ણ કરવા જઈ રહ્યા છે. હવે દેશના ૨૦ ટકા ગરીબો માટે અમે વચન આપી રહ્યા છે. પહેલા પાયલોટ પ્રોજેક્ટ ચાલશે ત્યારબાદ તેને લાગૂ કરવામાં આવશે. તેના તમામ પાસાઓને લઇને સમીક્ષા કરી લેવામાં આવી છે. કોંગ્રેસના આ એલાનને મનરેગા પાર્ટ-૨ ગણવામાં આવે છે. વડાપ્રધાન ઉપર પ્રહાર કરતા કહ્યું હતું કે, ભાજપ દ્વારા સૌથી અમીર લોકોને પૈસા આપવામાં આવે છે. રાહુલે ઉમેર્યું હતું કે, દેશના પાંચ કરોડ પરિવારો અને ૨૫ કરોડ લોકોને આ સ્કીમનો ફાયદો થશે. લોકોને આંચકો લાગશે પરંતુ દેશમાં એટલી ક્ષમતા રહેલી છે. ૪-૫ મહિનાથી દુનિયાના અર્થશાસ્ત્રીઓ સાથે ચર્ચા કરીને આ સ્કીમ તૈયાર કરવામાં આવી છે.

કોંગ્રેસ પક્ષ શહેરી યુવા માટે નોકરીની ખાસ સ્કીમ લાવશે

નવી દિલ્હી

લોકસભાની ચૂંટણી માટે કાર્યક્રમની જાહેરાત થયા બાદ જુદા જુદા રાજકીય પક્ષો ચૂંટણી ઢંઢેરાને લઈને તૈયારી કરી રહ્યા છે. ભાજપ અને કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરા ઉપર તમામનું ધ્યાન કેન્દ્રિત થઇ ગયું છે. મળેલી માહિતી મુજબ કોંગ્રેસ પાર્ટી ગુરુવારના દિવસે ચૂંટણી ઢંઢેરાની જાહેરાત કરી શકે છે. કોંગ્રેસ તેના ચૂંટણી ઢંઢેરામાં શહેરી વિસ્તારોમાં નોકરીના અધિકાર અને આરોગ્યના અધિકારના વચન આપશે. સાથે સાથે ઉચ્ચ શિક્ષણ મેળવવાના અધિકારને પણ ચૂંટણી ઢંઢેરામાં આવરી લેવામાં આવશે. રાહુલ ગાંધીએ ગુરુવારના દિવસે ચૂંટણી ઢંઢેરો જારી કરે તેવા સંકેત મળી રહ્યા છે. કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરામાં અધિકાર આધારિત બાબતોનો ઉલ્લેખ રહેશે. કોંગ્રેસ ૨૦૦૯ના મોડલ ઉપર આગળ વધીને ચૂંટણી ઢંઢેરામાં કેટલાક વચનો આપનાર છે જેના ભાગરુપે બે લાખ રૂપિયા સુધીની ખેડૂતોની લોન સંપૂર્ણપણે માફ કરવાનું વચન આપવામાં આવશે.

ત્રાસવાદી કેમ્પો પર ભારતના હુમલા બાદ પાકિસ્તાન ફફડ્યુ

પાકિસ્તાન ભયભીત : સરહદ પર ચીની મિસાઈલો ગોઠવી દીધી છે

પાંચ એલવાય -૮૦ અને આઈબીઆઈએસ-૧૫૦ રડારને તૈનાત કર્યા હોવાના હેવાલ : ઈસ્લામાબાદમાં ડ્રોન તૈનાત કરાયા : પાકિસ્તાને સરહદે સુરક્ષા વધારી

નવી દિલ્હી

પાકિસ્તાનમાં ઘુસીને ત્રાસવાદી કેમ્પો પર ભારતે હવાઈ હુમલા કર્યા બાદ પાકિસ્તાન જોરદાર રીતે ભયભીત છે. હચમચી ઉઠેલા પાકિસ્તાને હવે બાલાકોટમાં એર સ્ટ્રાઈકથી ડરી ગયા બાદ સરહદ પર ચીની મિસાઈલો ગોઠવી દીધી હોવાના હેવાલ મળ્યા છે. ગુપ્તચર હેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે પાકિસ્તાને ઈસ્લામાબાદમાં પણ રેનબો સીએચ-૪ અને સીએચ-૫ ડ્રોન તૈનાત કરી દીધા છે. પાકિસ્તાને પાંચ એલવાય-૮૦ અને આઈબીઆઈએસ-૧૫૦ રડાર તૈનાત કરી દીધા છે. ભારત દ્વારા પાકિસ્તાનમાં ઘુસીને જોરદાર વાઈ હુમલા ત્રાસવાદી કેમ્પો પર કરવામાં આવ્યા બાદ પાકિસ્તાન હવે ભયભીત છે. તે જોખમ લેવા તૈયાર નથી. સરહદ પર સુરક્ષા વ્યવસ્થા મજબુત કરવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. પ્રાપ્ત માહિતી મુજબ પાકિસ્તાને કેટલાક શહેરો અને સૈન્ય સ્થળોની આસપાસ સુરક્ષા વ્યવસ્થા મજબુત કરી દીધી છે. આ તમામ સ્થળ પર મધ્યમ અંતર સુધી માર કરવામાં સક્ષમ એવી ચીની મિસાઈલો ગોઠવી દીધી છે. નવેસરના હેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે પાકિસ્તાને સરહદ પર હવાથી હવામાં ત્રાટકી શકે તે પ્રકારની પાંચ એલવાય-૮૦ મિસાઈલો ગોઠવી દીધી છે. સાથે સાથે બાજ નજર રાખી શકે તે માટે આઈબીઆઈએસ -૧૫૦ રડાર ગોઠવી દેવામાં આવ્યા છે. અંકુશ રેખા પર નજર રાખવા માટે કેટલાક પગલા લીધા છે. ઈસ્લામાબાદમાં પણ સુરક્ષા મજબુત કરવામાં આવી છે. ઈસ્લામાબાદમાં સુરક્ષાની દ્રષ્ટિએ ચીની નિર્મિત રેનબો સીએચ-૪ અને સીએચ-૫ ડ્રોન વિમાનો તૈનાત કરવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે પાકિસ્તાનના કબજા હેઠળના વિસ્તારો બાલાકોટમાં ઘુસીને ભારતે હવાઈ હુમલા કર્યા હતા. જેમાં ત્રાસવાદી કેમ્પોનો સફાયો કરવામાં આવ્યો હતો. આ કાર્યવાહી બાદ ભારતે પાકિસ્તાનના ત્રણ ડ્રોનને પણ તોડી પાડ્યા હતા. એર સ્ટ્રાઈક બાદ પાકિસ્તાની હવાઈ દળને ભય છે કે ભારત ક્યારે પણ આવી કાર્યવાહી ફરી કરી શકે છે. આને ધ્યાનમાં લઈને પાકિસ્તાને ચીન પાસેથી તેને મળેલી મિસાઈલો સરદ નજીક તૈનાત કરી છે.

આજે કોંગ્રેસના ઉમેદવારોના નામ જાહેર થવાની સંભાવના

અમદાવાદ

લોકસભાની ચૂંટણીને લઈ ભાજપ-કોંગ્રેસ સહિતના રાજકીય પક્ષોની ઉમેદવાર પસંદગીની પ્રક્રિયા અંતિમ અને ફાઈનલ તબક્કામાં પહોંચી છે કારણ કે, હવે ઉમેદવારીપત્ર ભરવાને આડે હવે ગણતરીના કલાકો બાકી છે ત્યારે હજુ સુધી ભાજપ અને કોંગ્રેસ ગુજરાતની લોકસભાની ૨૬ બેઠકોના ઉમેદવારો ફાઈનલ કરી શકી નથી. ભાજપના હજુ ૧૬ ઉમેદવારોના નામ બાકી છે ત્યારે કોંગ્રેસના તો હજુ યાદીને લઈ ઠેકાણાં જ નથી. હજુ માંડ ચાર-પાંચ બેઠકોના ઉમેદવારો નક્કી થઈ શકયા છે ત્યારે હવે કોંગ્રેસની સ્ક્રીનીંગ કમીટીની આવતીકાલે દિલ્હી ખાતે મળનારી બેઠકમાં તમામ નામો નક્કી થઈ જવાની પૂરી શક્યતા છે. કોંગી હાઈકમાન્ડના વડપણ હેઠળ મળનારી આ બેઠકમાં ગુજરાત કોંગ્રેસના નેતાઓમાં પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, વિપક્ષના નેતા પરેશ ધાનાણી સહિતના નેતાઓ પણ ભાગ લેશે અને ઉમેદવારોની પસંદગી મુદ્દે અહીંનો સ્થાનિક રિપોર્ટ અને અભિપ્રાય આપશે. તો સાથે સાથે રાજ્યની પેટા ચૂંટણીના ઉમેદવારોની પસંદગી માટે નીરીક્ષકો દ્વારા કવાયત હાથ ધરવામાં આવશે. આ મામલે આવતીકાલે પ્રદેશ કોંગ્રેસના નેતાઓ દ્વારા જરૂરી રિપોર્ટ રજૂ કરાશે અને તેના આધારે પેટા ચૂંટણીના ઉમેદવારો ફાઈનલ થશે. દરમ્યાન ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ ભાજપના નારાજ સાંસદ દેવજી ફતેપરાના કોંગ્રેસમાં સંભવિત આગમનને લઈ પૂછાયેલા એક પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે, ભાજપના ઘણા નેતાઓ અને લોકો અમારા સંપર્કમાં છે. ભાજપથી નારાજ અને શોષણનો ભોગ બનેલા તમામ લોકોનું કોંગ્રેસમાં સ્વાગત છે. ભાજપની નીતિરીતિ અને વડાપ્રધાન મોદીની સરમુખત્યારશાહીથી ભાજપના લોકો કંટાળી ગયા છે અને તેઓ તેમાંથી મુક્ત થવા ઈચ્છી રહ્યા છે.

મોદીને નહીં હરાવીએ તો તેઓ અનંતકાળ સુધી વડાપ્રધાન બની રહેશેઃ કેજરીવાલ

ન્યુ દિલ્હી

દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલે રવિવારે દાવો કર્યો હતો કે વર્ષ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં જો ભાજપ વિજયી નીવડશે અને કેન્દ્રમાં સરકાર બનાવશે તો નરેન્દ્ર મોદી કાયમ માટે દેશના વડા પ્રધાન બની જશે કેમ કે વર્ષ ૨૦૧૯-૨૦ પછી દેશમાં ચૂંટણીઓ જ નહીં યોજાય. દેખીતી રીતે જ દેશ પર લોકશાહીના અંતનું જોખમ તોળાઈ રહ્યું હોવાનો ભય ફેલાવતા કેજરીવાલે આક્ષેપ કર્યો હતો કે મોદી સરકાર દેશ ચલાવવા જર્મનીના સરમુખત્યાર એડોલ્ફ હિટલરે અજમાવેલી તરકીબો જ અજમાવી રહી છે. આક્ષેપ કરતી વખતે કેજરીવાલે ભગવા પક્ષને પરાજિત કરવાની લોકોને અપીલ કરી હતી. આજે પ્રત્યેક દેશભક્તનું એક જ લક્ષ્ય અને આશય હોવો જોઈએ અને તે એ કે કોઈપણ ભોગે મોદી સરકારને ફરી સત્તા પર આવતી અટકાવવાનો, એમ તેમણે કહ્યું હતું.





વાંકાનેર પોલીસે અલ્ટો કારમાંથી દેશી દારૂનો જથ્થો ઝડપ્યો



મોરબી જીલ્લામાં દારૂની હેરાફેરી રોકવા કાર્યરત વાંકાનેર તાલુકા પોલીસની ટીમે અલ્ટો કારમાંથી દેશી દારૂનો જથ્થો ઝડપી લઈને ૧.૫૮ લાખનો મુદામાલ જપ્ત કર્યો છે

મોરબી જીલ્લા એસપી ડો. કરનરાજ વાઘેલાની સુચના અને ડીવાયએસપી બન્નો જોશીના માર્ગદર્શન હેઠળ વાંકાનેર તાલુકા પીએસઆઈ એસ એ ગોહિલની ટીમ પેટ્રોલિંગમાં હોય દરમિયાન પીએસઆઈ એન એ શુક્લ, મનીષકુમાર લલીતભાઈને મળેલી બાતમીને આધારે સતાપરથી એક અલ્ટો કાર નં જીજે ૦૬ બીએઅલ ૨૪૪૦ માં દેશી દારૂ ભરીને મોરબી તરફ જનાર હોય જેથી તાલુકા પોલીસની ટીમે લાકડાધાર ગામના પાવર હાઉસ પાસે વોચ ગોઠવીને અલ્ટો કારને ચેક કરતા તેમાંથી દેશી દારૂ લીટર ૪૦૦ કીમત ૮૦૦૦ મળી આવતા કાર કીમત ૧.૫૦ લાખ સહીત ૧,૫૮,૫૦૦ નો મુદામાલ જપ્ત કરી આરોપી ભીમાભાઇ જોગાભાઈ કોળી (ઉવ.૪૫) રહે સતાપર વાંકાનેર વાળાને ઝડપી લીધો છે જયારે એક આરોપી મેરાભાઇ કેશાભાઈ ધોરીયા રહે સતાપર વાળો નાસી જતા તેની વિરુદ્ધ ગુન્હો નોંધી તપાસ ચલાવી છે.

મોરબીમાં જાહેરમાં પત્તા ટીચતી ત્રણ મહિલાને પોલીસે ઝડપી

મોરબી જીલ્લા એસપી ડો. કરનરાજ વાઘેલાના માર્ગદર્શન હેઠળ બી ડીવીઝન પીઆઈ આઈ એમ કોઢીયાની ટીમ પેટ્રોલિંગમાં હોય દરમિયાન ત્રાજપર ખારી વિસ્તારમાં જુગાર અંગે બાતમી મળતા દરોડો કરીને જાહેરમાં જુગાર રમતી જીગ્નાબેન રમેશભાઈ કોળી રહે ત્રાજપર ખારી, યાસ્મીનબેન ઉર્ફે આરતી સંજયભાઈ અગેચણીયા રહે કબીર ટેકરી અને કંચનબેન જગદીશભાઈ ટીડાણી રહે ત્રાજપર ખારી એમ ત્રણને ઝડપી લઈને રોકડ રકમ ૨૪,૪૫૦ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીધામના મીઠીરોહ વિસ્તારમાંથી દેશી દારૂના બે કેસો પકડી પાડતી આર.આર.સેલ. ટીમ ભુજ

ભુજ કચ્છ: જી.એમ.હડિયા પો.સ.ઈ. આર.આર.સેલ ભુજ નાઓના માર્ગદર્શન હેઠળ એ.એસ.આઈ. મેધજીભાઈ, એ.એસ.આઈ પરીશ્રીતસિહ જાડેજા, એ.એસ.આઈ. દિલીપસિંહ જાડેજા, હેડ.કોન્સ શિવરાજસિંહ રાણા,પો.કો. જયદિપસિહ જાડેજાએ રીતેના પોલીસ સ્ટાફના માણસો એ ડીવીઝન ગાંધીધામ વિસ્તારમાં પ્રોહી વોચ પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન મીઠીરોહર ગામ પાસે આવતા એ.એસ. આઈ. પરીશ્રીતસિહ જાડેજાને મળેલ હકિત આધારે અંજતા એસ્ટેસ્ટ પાસે આવેલ શટર વાળી ઓરડીમાંથી દેશી દારૂ લીટર ૪૮૫ કી.રૂ. ૯૭૦૦ ના મુદ્દામાલ પકડી પાડી આરોપી (૧) કાસમ નુરમામદ કોરેજા રહે. મીઠીરોહર તા. ગાંધીધામ પકડાઈ જઈ તેમજ આરોપી (૨) જુમા સીધીક સોઢા (૩)સલીમ મુરૂ સોઢા રહે.બન્ને મીઠી રોહર વાળાઓ હાજર નહી મળી આવેલ હોઈ ગાંધીધામ એ ડીવીઝન પો.સ્ટે.માં ગુન્હો નોંધાવેલ છે. તેમજ અન્ય એક હકીકત એ.એસ.આઈ. પરીશ્રીતસિહ જાડેજાને મળેલ કે એમ કે બેન્સા પાછળ મીઠી રોહર સીમમાંથી આથો લીટર ૬૦૦ જેની કી.રૂ.૧૨૦૦ તથા દેશી દારૂ ૫૭ કી.રૂ. ૧૧૪૦ સાધનો કી.રૂ.૬૦૦ એમ કુલ્ કી.રૂ. ૨૯૨૦ મુદામાલ પકડી પાડી આરોપી (૧) ઈબ્રાહિમ ઓસ્માણ વારા રહે મીઠી રોહર. પકડાઈ જઈ તેમજ આરોપી (૨) અલ્લારખા હુશેન ત્રાયા (૩) અલીફ ઈસ્માઈલ સોઢા રહે બન્ને મીઠી રોહર વાળા હાજર ન મળી આવેલ હોઈ ગાંધીધામ બી ડિવિઝન પો.સ્ટે ગુન્હો નોંધાવેલ છે.

ટ્રાફિક પોલીસે રાહદારીઓ માટે કરી પીવાના પાણીની વ્યવસ્થા



સામાન્ય રીતે પોલીસની ઈમેજ સામાન્ય લોકોમાં સારી હોતી નથી અને પોલીસ તંત્ર અંગે લોકો ધ્રુણા ધરાવતા હોય છે જોકે પોલીસ પ્રજાની મિત્ર છે એ ઉક્તિ સાર્થક કરતા અનેક કિસ્સા જોવા મળતા હોય છે તેવો જ એક કિસ્સો મોરબીના વીસીફાટક પાસે જોવા મળ્યો છે જ્યાં ટ્રાફિક પોલીસના જવાનોએ રાહદારીઓ માટે પીવાના પાણીની વ્યવસ્થા કરી છે

મોરબીનો વીસીફાટક ટ્રાફિક પોઈન્ટ સતત ધમધમતો રહે છે અને ૨૪ કલાક ટ્રાફિકગ્રસ્ત વિસ્તારમાં ફરજ બજાવતા પોલીસના જવાનો પોતાની ફરજ ઉપરાંત સામાજિક જવાબદારી પણ નિભાવી રહ્યા છે ટ્રાફિક પોલીસના જવાન જીલુભાઈ ગોગરાના માર્ગદર્શન હેઠળ અહી બે પાણીના માટલા મુકવામાં આવ્યા છે જેથી રાહદારીઓને ધોમધખતા તાપમાં પીવાનું પાણી મળી રહે. વીસી ફાટક નજીક સરકારી શાળા આવેલી હોય જે શાળાના માસૂમ વિદ્યાર્થીઓને ટ્રાફિક જવાનો સેફટીથી રોડ ક્રોસ કરાવતા હોવાનું પણ અગાઉ લોકોએ જોયું છે તો હવે ગરમીથી બચવા પાણીની વ્યવસ્થા કરીને ટ્રાફિક પોલીસે લોકોના મન જીતી લીધા છે.

મોરબીમા કોલગેસ પ્રતિબંધને આવકાર : મયુર નેચર ક્લબે એનજીટીને અભિનંદન પાઠવ્યા

મયુર નેચર ક્લબ દ્વારા નિર્ણયને આવકાર, સિરામિક ઉદ્યોગને કરી અપીલ



તાજેતરમાં એનજીટી દ્વારા સિરામિકમાં કોલગેસ પ્રતિબંધ અંગે ચુકાદો આપ્યો છે જે નિર્ણયને મોરબીની મયુર નેચર નામની પર્યાવરણ પ્રેમી સંસ્થાએ આવકાર્યો છે અને પર્યાવરણ બચાવવા જાગૃત બનવા અપીલ કરી છે

મયુર નેચર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પ્રસિદ્ધ અખબારી યાદીમાં જણાવ્યું છે કે દિન પ્રતિદિન મોરબી શહેર અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાં વધી રહેલા પ્રદુષણ સબબ ચિંતિત પર્યાવરણની સુરક્ષા માટે કામ કરતી મોરબીની સંસ્થા મયુર નેચર ક્લબ સિરામિક ઉદ્યોગમાં કોલગેસ ગેસીફાયર બંધ કરવાના નિર્ણયને આવકારતા નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ ને અભિનંદન પાઠવે છે સાથે સિરામિક ઉદ્યોગકારોને પણ ભવિષ્યમાં ફક્ત નિર્ણયને ઉપલી અદાલતમાં પડકારવાને બદલે મોરબીની ભાવી પેઢીનું ભવિષ્ય સુરક્ષિત રહે અને પર્યાવરણ મુક્ત સમાજના સર્જનમાં ફાળો આપી અન્ય વિકલ્પો જેવા કે નેચરલ ગેસ આધારિત ઉર્જાના ઉપયોગ તરફ વળવા માટે વિનંતી કરી છે.

મોરબીમાં શહીદ દિન નિમિતે યુવા શહીદ ગ્રંથ પુસ્તકનું વિમોચન



કાંતિકારી સેના હંમેશા દેશ ભક્તિના વિચારો ફેલાવવાનો પ્રયત્ન કરે છે, અને કાંતિકારીઓ ને યાદ કરે છે તાજેતરમાં કાંતિકારી સેનાના ૫ વર્ષ પૂર્ણ થતા ૨૩ માર્ચના દિવસે એટલે કે શહીદ દિવસ નિમિતે કાંતિકારી સેના દ્વારા યુવા શહીદ ગ્રંથ નામના પુસ્તકનુ વિમોચન કરવામાં આવ્યું છે જે ગ્રંથ વિમોચનમાં લેખક રીતુબેન મુકેશભાઈ ભાલાળા અને કાંતિકારી સેનાના રાધે પટેલ સહિતની ટીમ હાજર રહી હતી. યુવા શહીદ ગ્રંથ અંગે લેખકે જણાવ્યું હતું કે આ પુસ્તક થી તમારા બાળકો અને પરિવાર સુધી દેશ ભક્તિના વિચારો પહોચાડવા માટે આ પુસ્તક ની રચના કરવામાં આવી છે જે બાળકો ને વાંચવી ગમશે, અને દેશ ભક્તિના વિચારો આવશે જયારે રાધેભાઈએ જણાવ્યું હતું કે પુસ્તક વિમોચનના દિવસે અંદાજે ૮૦૦ પુસ્તકોનુ વેચાણ થયેલ છે.

પાલારા જેલ સામે સીમમાં ધાણીપાસાનો જુગાર રમતા ૬ જુગારીને પકડી પાડતી ભુજ એ ડીવીજન પોલીસ



ભુજ કચ્છ: પોલીસ અધિક્ષક સૌરભ તોલંબીયા પશ્ચિમ કચ્છ ભુજ તથા ના.પો.અધી. જે.એન. પંચાલના માર્ગદર્શન અને સુચના મુજબ ભુજ સીટી એ ડીવીજન પો.સ્ટેના પોલીસ ઈન્સપેકટર એ.એલ. મહેતાની રાહબરી હેઠળ સર્વેલન્સ સ્કોડના પોલીસ સ્ટાફનાઓને મળેલ બાતમી આધારે પાલારા જેલ સામે સીમમાં ખુલ્લી જગ્યામાં રેઇડ કરતા આરોપી ૧) નિલેશ ભવાનજી ગોર (ઉ.વ.૪૬ રહે-શાંતીનગર સમાવાસ ભુજ) ૨) સામજી સવા પગી (ઉ.વ.૩૭ રહે-સરપટગેટ બહારશાંતીનગર કોલીવાસ ભુજ) ૩) સુમાર તમાચી કોલી (ઉ.વ.૪૦ રહે-સરપટનાકા બહાર રાજગોર) સમાજવાડી સામે ભુજ ૪) રાજેશપુરી મહેન્દ્રપુરી ગૌસ્વામી (ઉ.વ.૪૧ રહે-સરપટનાકા બહાર છત્રીસ ક્વાર્ટસ ચાર રસ્તાની બાજુમા ભુજ) ૫) હારૂન ફૈજમામદ નોતીયાર (ઉ.વ.૩૫ રહે-સરપટનાકા બહાર ગાંધીનગરી ભુજ) ૬) અમીત અલીમામદ ઓઢેજા (ઉ.વ.૨૫ રહે-સરપટનાકા બહાર શાંતીનગર ભુજ) વાળાઓ ધાણીપાસા પૈસા વડે હારજીતનો જુગાર રમી રમાડી રોકડ રૂ.૧૦,૬૫૦/- સાથે પકડાઈ ગયેલ તેઓના વિરુધ્ધ પો.કોન્સ. રાજેન્દ્રસિંહ ચંદ્રસિંહ ઝાલા નાઓએ શ્રીસતની ફરીયાદ આપેલ છે. આ કામગીરીમાં એ.એસ.આઈ. રાજેન્દ્રસિંહ રાજપુત, રાજેન્દ્રસિંહ ઝાલા, પ્રવિણસિંહ જાડેજા, મયુરસિંહ ઝાલા, રાકેશભાઈ રાજપુત વિગેરે જોડાયેલ હતા.



લીંબડી તાલુકાના ઉટડી પુલ પાસે બટાકા ભરેલ ટ્રક પલટી મારી જતા અકસ્માત સર્જાયો હતો. જો કે અકસ્માત માં કોઈ જાનહાની નથી થવા પામી. રોડ પર બટેકા વેરાણા હતા ત્યારે આસપાસ ના લોકો બટેકા લેવા માટે દોડી ગયા હતા. લીંબડી પોલીસ ઘટના સ્થળે પહોંચી જઈને ટ્રાફિક હળવો કરવામાં આવ્યો હતો.

મતદાર જાગૃતિ ઝુંબેશમાં ઈવીએમ તથા વીવીપેટનું ડેમોસ્ટ્રેશન કરાયું

વલસાડ

આગામી લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૯ અંતર્ગત તા.૨૩/૪/૧૯ના રોજ મતદાન થશે. આ ચૂંટણીમાં ઈવીએમની સાથે મતદારે કયા ઉમેદવારને મત આપ્યો છે તે જોઈ શકે તે માટે વીવીપેટનો ઉપયોગ પણ કરાશે. આ ચૂંટણી પ્રક્રિયા બાબતે મતદારોને જાણકારી મળી રહે તે હેતુસર વલસાડ જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા વિવિધ સ્થળોએ મતદાર જાગૃતિ અભિયાન યોજવામાં આવી રહયાં છે. જેના ભાગરૂપે અબ્રામાની નાઈટ્રેક્ષ કું લી. તેમજ આશા પેન કલર લી. ખાતે ઈવીએમ અને વીવીપેટનું લાઈવ ડેમોસ્ટ્રેશન કરી મતદાન પ્રક્રિયા અંગે જાણકારી આપવાની સાથે ઔદ્યોગિક એકમોના કામદારોને સંપૂર્ણ સમજણ મળી રહે તે હેતુસર તેઓની પાસે ડમી મતદાન પણ કરાવાયું હતું.

મોરબીમાં ૧૧ વર્ષના માસૂમનું અપહરણ કરી હત્યા, મૃતદેહ સળગાવી દેવાયો

બાળકના અપહરણ અંગે પિતાએ ગઈકાલે નોંધાવી હતી ફરિયાદ



મોરબીના રહેવાસી પિતાએ તેના પુત્રના અપહરણની પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી જોકે પોલીસ અપહૃત બાળકનો પત્તો મેળવી સકે તે પૂર્વે આજે ઘુનડા નજીકથી બાળકનો સળગાવી દીધો હોય જે મૃતદેહના અવશેષો મળી આવતા સતવારા પરિવાર પર આભ ફાટી પડ્યું છે

મોરબીના પાનેલી ગ્રામ પંચાયત નજીકના રહેવાસી અશોકભાઈ ચાવડાએ તેના બાળકના અપહરણ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી જેમાં શકદાર હાર્દિક ઘનશ્યામ ચાવડાએ તેના પુત્રનું અપહરણ કર્યાની આશંકા વ્યક્ત કરી હતી ફરિયાદીનો પુત્ર હિતેશ ચાવડા ૧૧ વર્ષનો હોય જે અભ્યાસ કરતો હોય અને વજેપર શેરી નં ૧૧ નજીકથી નાસ્તો કરવાનું કહીને ગયા બબડ પરત ફર્યો ના હતો

અને આજે ઘુનડા નજીક એક બાળકનો સળગાવી દીધેલા મૃતદેહના અવશેષો મળી આવતા હતા ડીવાયએસપી, એ ડીવીઝન પોલીસની ટીમ દોડી ગઈ હતી અને વધુ તપાસ ચલાવી હતી પોલીસ સુત્રો પાસેથી પ્રાપ્ત વિગતો અનુસાર ફરિયાદીને શકદારની પત્ની સાથે આડાસંબંધ હોવાની શંકા હોય જેથી શકદાર હાર્દિક ચાવડાએ બાળકનું અપહરણ કરી જઈને તેનું ગળું દબાવી હત્યા કરી હોય તેમ બાદમાં મૃતદેહને સળગાવી દઈને પુરાવાનો નાશ કરવાનો પ્રયાસ કર્યાની શંકાને આધારે પોલીસે તે દિશામાં તપાસ ચલાવી છે.

હળવદના રણજીત ગઢમાં વીજ વાયર પડતાં ૨૩ વિઘાના ઘઉંમાં આગ લાગતા બળતા પાક બળીને ખાખ

વીજ વાયર પડવાના કિસ્સામાં ખેડુતને થશે ૫ લાખનુ નુકસાન

હળવદ તાલુકામાં વીજ વાયર પડવાના કિસ્સા ચિંતા જનક વધી રહ્યાં છે જેમાં જગતના તાતના મોઢે આવેલો ઝુંટવાય રહ્યો છે ત્યારે આજે તાલુકાના રણજીત ગઢ ગામે વીજ વાયર પડતા તૈયાર થયેલો પાક સંપૂર્ણ પણે બળીને ખાખ થઈ જતાં ખેડુતને ૫ લાખની નુકશાની ભોગવી પડશે ત્યારે હાલતો ખેડુતનો મોમા આવેલો કોળિયો ઝુંટવાય જતાં રાતા પાણીએ રડી રહ્યાં છે.

હળવદ તાલુકાના રણજીત ગઢ ગામે વીજ વાયર પડતાં ૨૫ વિઘાના ઘઉમા ૨૩ વિઘાના પાક સંપૂર્ણ પણે બળીને ખાખ થઈ ગયો છે જેમાં રણજીત ગઢ ગામે રહેતા ખેડૂત ચૌહાણ કાળુભાઈ મોહનભાઈની વાડીમાં વીજ વાયર તુટી પડતી આગ લાગતા ઘઉનો પાક સંપૂર્ણ પણે બળીને ખાખ થઈ ગયો હતો.હળવદ પંથકમાં અવારનવાર વીજ વાયર પડવાના કિસ્સામાં નોંધપાત્ર વધારો થયો છે જેમાં પીજીવીસીએલની બેદકારીના હિસાબે અગાઉ પણ સુંદરીભવાની ગામે પણ વીજ વાયર પડતા ૬ વિઘાના ઘઉ સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયો હતો જેમાં ખેડુતને ૩ લાખની નુકસાન થયું હતું ત્યારે હળવદ પંથકમાં ખેડુતોના પાક બળીને ખાખ થઈ જતાં ખેડૂતો પાયમાલ થઈ રહ્યાં છે.

મોરબી પાલિકા વેરા વસુલાતમાં હીરો, પ્રજાલક્ષી કામગીરીમાં ઝીરો

મોરબી નગરપાલિકાનો વહીવટ ખાડે ગયો છે અને આકરા વેરા વસુલતા પાલિકા તંત્ર દ્વારા પ્રજાલક્ષી કામગીરી શૂન્ય રહી હોય જેથી શહેરમાં પાયાના પ્રશ્નો ખદબદી રહ્યા છે જેને પગલે ભાજપના સદસ્ય દ્વારા કોંગ્રેસ શાસિત નગરપાલિકા પર આકરા પ્રહારો કરવામાં આવ્યા છે

મોરબી નગરપાલિકાના ભાજપના સદસ્ય દીપકકુમાર પોપટે નગરપાલિકાના કોંગ્રેસના શાસકોને આડેહાથ લેતા જણાવ્યું છે કે કોંગ્રેસ શાસિત નગરપાલિકામાં પાણીનો પોકાર અને સ્વચ્છતા માટે બુમાબુમ છતાં કોઈ



ભાજપના કાઉન્સીલર દીપકભાઈ પોપટના પાલિકાના શાસકો સામે પ્રહારો

સંભાળનાર નથી છેલ્લા ઘણા સમયથી કોઈ વોર્ડની રોડ રસ્તા, ગટર અંગેની કોઈ પણ ફરિયાદનો નિકાલ થયો નથી પદાધિકારીઓ વોર્ડમાંથી ચૂંટાયા પછી ખુદના મતદારને ઓળખવાનું જાણે ભૂલી ગયા હોય અને પોતાના અંગત સ્વાર્થના કામો સિવાય કોઈને ગાઠતા જ નથી તે ઉપરાંત કોંગ્રસના ધારાસભ્ય પર પ્રહાર કરતા જણાવ્યું છે કે મોરબી વિધાનસભા સીટ મેળવી ચુકેલા કોંગ્રેસી ધારાસભ્ય બ્રિજેશભાઈ મેરજા પોતાનો પણ કઈક લાભ હોય તેમ પોતે ખુદ પોબારા ભણી ગયા હોવાના પ્રહારો કર્યા છે આજે દરેક વોર્ડમાં ગંદકી, ઉકરડા નજરે પડે છે અને સોસાયટીની બહેનો પાણી માટે કચેરીએ હંગામો કરે છે ત્યારે પાલિકાના નીમ્ભર શાસકોએ વિચાર કરવો રહ્યો તેમ પણ જણાવ્યું છે.

પરસોત્તમ સાબરીયાને ટક્કર આપવા કોગ્રેસ કિશોર ચીખલીયાને ઉતારી શકે છે મેદાને..?

હળવદ : હળવદ-ધાંગધ્રા ની પેટા ચૂંટણીમાં ભાજપે પોતાના ઉમેદવાર નું નામ જાહેર કરી દીધું છે ત્યારે હવે એક જ ચર્ચા સાંભળવા મળી રહી છે કે કોંગ્રેસમાંથી કોણ..? ત્યારે હાલ કોંગ્રેસ પક્ષ પાટીદાર ફેક્ટરને ધ્યાને લઈ પાટીદાર સમાજ ના કોઈ ચહેરાને મેદાને ઉતારે તેવું જાણવા મળ્યું છે જેમાં મોરબી જિલ્લા પંચાયત પ્રમુખ કિશોર ચીખલીયા નું નામ મોખરે ચાલી રહ્યુ હોવાની ચર્ચાએ પંથકમાં ભારે જોર પકડ્યું છે

હળવદ- ધાંગધ્રા ની સીટ પર પરસોતમભાઈ સાબરીયાએ એકાએક રાજીનામુ ધરી થઈ ભાજપમાં જોડાઈ ગયા હતા જેથી લોકસભાની ચૂંટણી સાથે સાથે યોજાનાર હળવદ ધાંગધ્રા ની પેટાચૂંટણીમાં ભાજપ પક્ષ



મોરબી જિલ્લા પંચાયત પ્રમુખ કિશોર ચીખલીયાનું નામ હળવદ ધાંગધ્રાની પેટાચૂંટણીમાં મોખરે હોવાની ચર્ચા

દ્વારા કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા પરસોત્તમભાઈ સાબરીયા નું નામ જાહેર કર્યું છે ત્યારે હવે હળવદ ધાંગધ્રા માં એક જ ચર્ચા થઈ રહી છે કે કોંગ્રેસમાંથી કોણ..? ત્યારે તમામ ચર્ચાઓની વચ્ચે વર્ષોથી કોંગ્રેસ સાથે અને તેની વિચારધારાને વળેલા માળીયા તાલુકાના સરવળ ગામના અને હાલ કોગ્રેસ શાસીત મોરબી જિલ્લા પંચાયત ના પ્રમુખ કિશોરભાઈ ચીખલીયા નુંનામ હાલ કોગ્રેસ દ્વારા તૈયાર કરાયેલ પેનલમાં સૌથી આગળ ચાલતું હોવાની માહિતી સુત્રો દ્વારા પ્રાપ્ત થઈ છે

આ કારણે કોંગ્રેસ કિશોર ચીખલીયા પર પસંદગી ઉતારી શકે છે


મોરબી જિલ્લા પંચાયત ની મોટા દહિસરા સીટ પર સતત બે ટર્મથી વિજય મેળવે છે , ૨૦૧૭માં પણ મોરબી માળીયાની બેઠક પર દાવેદારી નોંધાવી હતી તેમજ પાટીદાર સમાજ પર પ્રભુત્વ સાથેજ હાલ જીલ્લા પંચાયત ના પ્રમુખ છે.

કોંગ્રેસ ઑફર આપે તો વલસાડ બેઠક પરથી ચૂંટણી લડીશઃ ડી.સી. પટેલ

વલસાડ

ભારતીય જનતા પક્ષે ગુજરાતની ૧૬ બેઠકોના લોકસભાના ઉમેદવારો જાહેર કરી દીધા છે. ભાજપે રાજ્યની વલસાડ બેઠક પરથી વર્તમાન સાસંદ કે.સી. પટેલને રિપિટ કરતા તેમના નાના ભાઈ ડૉ.ડી.સી. પટેલ નારાજ થયા છે. ડી.સી. પટેલના મતે આ વખતે તેમનું નામ ભાજપની પસંદગી પ્રક્રિયામાં ટોચ પર હતું. ટિકિટ કપાયા બાદ નારાજ થયેલા ડી.સી. પટેલે કોંગ્રેસ ઑફર આપે તો જોડાવાની અને વલસાડ બેઠક પરથી ચૂંટણી લડવાની તૈયારી દર્શાવતા દક્ષિણ ગુજરાતના રાજકારણમાં ગરમાવો આવ્યો છે.

ડૉ. ડી.સી. પટેલે કહ્યું, 'જો કોંગ્રેસ મારો સંપર્ક કરશે તો હું ચોક્કસ વિચારીશ. મેં હજુ સુધી કોંગ્રેસનો સંપર્ક કર્યો નથી. સમર્થકો કહેશે તો ચોક્કસપણે હું વિચારીશ. ડૉ. ડી.સી. પટેલે કહ્યું, 'હું એટલો હતાશ થઈ ગયો છું. હું જનસંઘથી ભાજપનો કાર્યકર છું. પ્રજાની લાગણી હતી. મારુ નામ ટોપ પર હતો. મારી લાગણીને ચકનાચૂર કરી નાખી છે. પ્રજા કહેશે તો ચોક્કસ વિચારીશ. કોંગ્રેસ આદેશ આપે તો પ્રજાજનો પાસે જઈને અને આ બાબતે વિચાર કરીશ. હું સામેથી સંપર્ક નહીં કરૂ,



હું એ બાબતે કઈ કહેવા નથી માગતો."

ડૉ. ડી.સી. પટેલ વલસાડના સાંસદ ડો. કે.સી. પટેલના સગા નાનાભાઈ છે. ડો. ડી.સી.પટેલ દરમપુરમાં એક સક્રિય તબીબ છે. તેઓ તબીબના વ્યવસાયની સાથે સામાજિક કાર્યો પણ કરે છે. તેઓ સર્પદો, ઉજાગર અભિયાન પણ ચલાવે છે. તેઓ વર્ષ ૨૦૦૯માં પણ તેમના ભાઈ કે.સી. પટેલની વિરુદ્ધ ચૂંટણી લડ્યા હતા અને ૭,૦૦૦ મતથી હાર્યા હતા. તેમનો દાવો છે કે વર્ષ ૨૦૧૪માં પણ તેઓ ચૂંટણી લડવાના હતા પરંતુ ત્યારે ભાઈને મદદ કરી આપી હતી.

વનમંત્રી વસાવાનો બફાટઃ 'રાહુલ શંકરનો અવતાર હોય તો તેમને ઝેર પીવડાવો'



બારડોલી

લોકસભાની ચૂંટણીનો પ્રચાર પુરજોશમાં શરૂ થયો છે. ભાજપ-કોંગ્રેસ દ્વારા પ્રચારની સાથે જ વિવાદિત નિવેદનો આપવાની હોડ લાગી છે. રાજ્યના વનમંત્રી ગણપત વસાવાએ બારડોલી ખાતે એક વિવાદિત નિવેદન આપતા કોંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધીને ઝેર આપવાની વાત કહી હતી. ગણપત વસાવાએ બફાટ કરતા કહ્યું હતું કે જો, રાહુલ ગાંધી શંકરનો અવતાર હોય તો તેમને ઝેર પીવડાવું જોઈએ.

વનમંત્રી વસાવાએ કહ્યું, "સોશિયલ મીડિયામાં જોયું હતું કે કોંગ્રેસના ખૂબ મોટા નેતાએ કહ્યું કે રાહુલ ગાંધી એ તો સાક્ષાત શિવજીનો અવતાર છે, આપમા યુવાનો ખૂબ જ હોશિયાર છે, આપણા યુવાનોએ કહ્યું કે તમે જ્યારે આપણા લશ્કરે પાકિસ્તાનમાં હુમલો કર્યો ત્યારે તમે પુરાવા માંગતા હતા. જો તમારા નેતા શિવજીનો અવતાર હોય તો શિવજી તો લોકોને બચાવવા ઝેર પી ગયા હતા જો તમારા નેતા પણ શિવજી હોય તો તેમને પણ શિવજીની જેમ ઝેર પીવડાવો. તમારા નેતા રાહુલ ગાંધીને ૫૦૦ ગ્રામ ઝેર પીવડાવો જો સામી ચૂંટણીએ બચી જાય તો અમે માનીશું કે સાક્ષાત શિવજીનો અવતાર છે."

ઉલ્લેખનીય છે કે આ નિવેદન વનમંત્રી ગણપત વસાવાએ બારડોલીમાં યોજાયેલા એક કાર્યક્રમમાં આપ્યું હતું. બારડોલીમાં યોજાયેલા સમારંભમાં સોશિયલ મીડિયામાં લોકો રાહુલ ગાંધી વિશે લોકોએ કરેલા નિવેદનોને ગણપત વસાવાએ વાંચી સભળાવ્યા હતા. સોશિયલ મીડિયાના હવાલેથી ગણપત વસાવાએ રાહુલ ગાંધી વિશે વિવાદિત નિવેદન આપ્યું હતું.

મગજ શાંત અને જીભ મીઠી રાખશો તો હતાશા આવશે નહીં : શ્રી પદ્મદર્શન

સુરત

શ્રી ગોહરબાગ જૈન સંઘ બીલીમોરાના શુભહ સંકુલ ખાતે પૂજ્ય પંન્યાસ પ્રવર શ્રી પદ્મદર્શન વિજયજી મહારાજની પુનિત નિશ્રામાં ચાલતા 'સત્સંગ સમાહ'માં મોટી સંખ્યામાં ધર્મપ્રેમીઓ જોડાયા છે. પૂજ્ય પંન્યાસ શ્રી પદ્મદર્શનજી મહારાજે અમૃતવાણી વહાવતા જણાવ્યું હતું કે, જો તમારા મસ્તકની ઉપર આઈસ ફેકટરી અને જીભ ઉપર સુગર ફેક્ટરી રાખશો તો જીવનમાં ગમે તેવી વિકટ કે વિષમ પરિસ્થિતિનું સર્જન થશે તો પણ હતાશા નહીં આવે. જો તમે તમારા મનમાં વોચમેન બનશો તો તમારી ભીતરમાં વિચારો કે વિકલ્પોના ભૂત ઘૂસી નહીં શકે. મનમાં ગમે તેવા કચરાનો સંગ્રહ નહીં કરો. કચરો ઘૂસી ન જાય તે માટે સદ્ગુરૂનું સાનિધ્ય સ્વીકારો. માનવ ભવ કચરો કાઢવા માટે મળ્યો છે, ભેગો કરવા માટે નહીં. રાગ દ્વેષ અને વિષય કષાયના કચરા આત્મપ્રદેશો ઉપર જામ થઈને પડ્યા છે. આના કારણે જ આપણે સહુ ભવવનમાં ભટકી રહ્યા છીએ. આ કચરાને કાઢવા માટે ઝાડુ કે જેસીબીના મશીનો પણ નહીં ચાલે. આ કચરાને તો સળગાવી જ દેવો પડશે. એ માટે સદ્ગુરૂની સહાય અને પ્રભુકૃપા જોઈશે. જીવનને સમૃદ્ધ બનાવવા માટે ધર્મ જોઈશે. ક્રિયાત્મક ધર્મની સાથે ગુણાત્મક ધર્મની જરૂરીયાત છે.

લીંબાયતમાં બે સ્થળે જુગાર રમતા ૧૨ જુગારીઓ ઝડપાયા

ુરત

લીંબાયત અને પોલીસ કન્ટ્રોલ ટીમે જુગારધારા અન્વયે બે કેસ કરી ૧૨ જુગારીની ધરપકડ કરી હતી.

લીંબાયત પોલીસે બાતમીના આધારે કમરૂનગર ટેનામેન્ટ એ/૬/૧૮ની લોબીમાં જુગાર રમતા જલીલ અહેમદ ફકીરઅહેમદ, રહીમ હુસૈન શેખ, યુનુશખાન પઠાણ, રફીક શેખ, શરીફ શેખ, નફીશ બેગ, મોયુદ્દીન ઉંમરની ધરપકડ કરી રોકડા રૂા.૧૦૭૪૦ કબજે કર્યા હતા.

જ્યારે પોલીસ કન્ટ્રોલ રૂમની પોલીસ ટીમે ખટોદરા અંબાનગરની ગલીમાં જુગાર રમતા સુધીર શ્રીપ્રકાશ ઈન્દલ ઉદય, વિનોદ કૈલાશ, દશરથ યાદવ, રામકિષ્ના પ્રકાશની ધરપકડ કરી ચાર મોબાઈલ ફોન અને રોકડા મળી કુલ રૂા.૩૦૯૬૦ કબજે કર્યા હતા.

લીંબડી - ચુડા પોલીસે પકડેલ સવા કરોડથી વધારેનો દારૂ તથા બિયર નાશ કરાયો



લીંબડી પોલીસ તેમજ ચુડા પોલીસ દ્વારા વર્ષ ૨૦૧૪ થી ૨૦૧૮ સુધીનો જૂનો દારૂ અને બિયર પકડવામાં આવ્યો હતો. તેની કિંમત ૭૮,૮૨,૮૯૨/- તેમજ ૫૨, ૨૪,૧૫૦/- રૂપિયા નો દારૂ તથા બિયર ગણાય તે લીંબડી તથા ચુડા પોલીસ નો કુલ મળી ને રૂપિયા ૧,૩૧,૦૭,૦૪૨/- નો દારૂ બિયર નો જથ્થા નો નાશ કરી બુલડોઝર ફેરવામાં આવ્યું હતું. આ દારૂ જથ્થા નાશ કરાયો ત્યારે લીંબડી ડેપ્યુટી કલેક્ટર, લીંબડી ડી.વાય.એસ. પી., લીંબડી નશાબંધી, લીંબડી પી.એસ.આઈ. ઈશરાણી, ચુડા પી.એસ.આઈ, હેડ કોન્સ્ટેબલ સ્ટાફ સહિત હાજર રહિયા હતા.

બિટકોઈન પ્રકરણમાં ત્રણ સોફ્ટવેર એન્જીનીયરોએ કોર્ટમાં જામીન માંગ્યા

સુરત

સુરત સહિત સમગ્ર દેશમાં હાહાકાર મચાવી દેનાર બિટ કોઈન કનેક્ટ પ્રકરણમાં સંકળાયેલા ત્રણ સોફ્ટવેર એન્જીનીયરોએ એડવોકેટ યશવંતસિંહવાળા મારફતે એક જામીન અરજી કોર્ટ સમક્ષ રજૂ કરી હતી. જેની સુનાવણી આજે હાથ ધરાઈ હતી.

આ કેસની ટૂંકી વિગતો એવી છે કે સુરત સહિત સમગ્ર દેશના રોકાણકારો પાસે બિટ કોઈન કનેક્ટમાં કરોડો રૂપિયાનું રોકાણ કરાવડાવવામાં આવ્યું હતું લોભ-પ્રલોભન આવ્યા બાદ રોકાણકારોને બિટકોઈન કનેક્ટમાં કોઈ વિશેષ ફાયદો ન થયો હતો. અને બિટકોઈનના સંચાલકોએ હજજારો રોકાણકારોને રાતાપાણીએ નવડાવી વિશ્વાસઘાત કર્યો હતો. રૂા.૧.૬૪ કરોડનો ચૂનો ચોપડાયો હોવાની એક પોલીસ ફરિયાદ સીઆઈડી ક્રાઈમમાં દાખલ કરવામાં આવતા પોલીસે આરોપી હાર્દિક ઝડફીયા, કલ્પેશ લખાણી, રાકેશ સવાણી, અશોક, મયુર ગોદાણી, વૈભવ પડસાડા તથા વિજય વેકરીયાની ધરપકડ કરી હતી. હાલમાં તમામ આરોપીઓ લાજપોર જેલમાં છે. બિટકોઈન ટ્રેડીંગ કંપનીમાં સોફ્ટ એન્જીનીયર તરીકે ફરજ બજાવતા મયુર ગોધાણી, વૈભવ વરસાડા તથા વિજય વેકરીયાએ પ્રથમવારની જામીન અરજી બચાવપક્ષના એડવોકેટ યશવંતસિંહ વાળા મારફતે કોર્ટ સમક્ષ કરી હતી. તેઓ કંપનીની વેબસાઈટ બચાવી લોકોને લોભ પ્રલોભન આપી બિટકોઈનમાં રોકાણ કરાવવાનું કામ કરતા હોવાનું જાણવા મળ્યું હતું.

પોસ્ટમોટમ કર્યા વિના જ બાળકીનો મૃતદેહ પરિવારને સોંપી દેવાતા ચકચાર મચી

સુરત

પાંડેસરા વિસ્તારમાં પોલિસ કોલોની પાસે સ્વામિનારાયણ નગરમા રહેતા ત્રિલોચન પાલની આઠ માસની પુત્રી શ્રીયા ગઈતારીખ ૨૩મી રાત્રે ઘરમાં ઝાડા-ઊલટી થતાં સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરી હતી. જોકે આ કેસ એમએલસી ધણી પાંડેસરા પોલીસને જાણ કરી હતી. બાદમાં પોલીસે બાળકીનું પોસ્ટમોર્ટમ કરવા વગર પાંડેસરા પોલીસે મૃતદેહ પરિવારને સોંપી લીધો હતો.

નોંધનીયછેકેસામાન્યલોકો ખરેખર બીમાર હોય તેમની મુશ્કેલી પડતી હોય તો તકલીફમાં નિવારણ માટે પોલીસ છેલ્લા કેટલાક સમયથી પીએમ કર્યા વિના મૃતદેહ સોંપે છે. તે પ્રસંસનીય પગલું ભર્યું છે પણ બાળકીના શરીર પર ઈજાના નિશાન હતા. તેવા સમયે પોસ્ટ મોટમ કર્યા વિના તેનો મૃતદેહ પરિવારને સોંપી દેતા અનેક પ્રકારની ચર્ચાએ જોર પકડ્યું હતું. પાંડેસરા પોલીસ સૂત્રોએ જણાવ્યુ હતુ કે બાળકીના માતા-પિતા પીએમ કરાવવા માગતા ન હતા. તેના શરીર પર ઈજાના નિશાન ન હતા. બાળકીને માલિશ કરવામાં આવતું હતું. જોકે તેના મૃત્યુ બાદ બ્લડ સક્યુલિશન બંધ થઈ જવાના લીધે સોજા આવી ગયા હતા. પોલીસ તપાસમાં કઈ શંકાસ્પદ જણાયું ન હતું જોકે માનવતાના ધોરણે તેનો મૃતદેહ પરિવારની સોંપ્યો હતુ.



શ્રી અંબિકા નિકેતન ટ્રસ્ટના સ્થાપનાના ૫૦ વર્ષની પૂર્ણાહુતિ નિમિત્તે આજે સુવર્ણ જયંતી ઉત્સવના પ્રથમ સોપાન સમાન વેસુ ખાતે આવેલા શ્રી ભારતી મૈયા વૃદ્ધાશ્રમ ખાતે સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. લગ્નોત્સવમાં ૧૧ યુગલો લગ્નગ્રંથિથી જોડાયા હતા.

તંત્રી સ્થાનેથી...

પરાજયને લઈને ભય

છેલ્લા બે દશકના ગાળામાં દુષ્કર્મ કરનાર નાની વયના યુવાસત્તા સુખને હાંસલ કરવા માટે દરેક રાજનેતા જોરદાર પ્રયાસ કરે છે. સાથે સાથે એક વખત સત્તા સુખ હાંસલ થઇ ગયા બાદ તેને છોડવા માટે પણ તૈયાર થતા નથી. ચૂંટણી નજીક આવતાની સાથે જ હારનો ભય મોટા મોટા દિગ્ગજોને પણ સતાવવા લાગી જાય છે. તેમની નિંદ હરામ થઇ જાય છે. તેમને પોતાના માટે સુરક્ષિત બેઠક શોધી કાઢવાની ફરજ પડે છે. આ જ કારણે જ વર્ષ ૨૦૧૪માં પ્રચંડ નરેન્દ્ર મોદીની લહેર હોવા છતાં નરેન્દ્ર મોદી પોતે વારાણસી અને વડોદરાની બેઠક પરથી ચૂંટણી મેદાનમાં ઉતરી ગયા હતા. વડોદરામાં તો જીત નિશ્ચિત દેખાઇ રહી હતી. જો કે વારાણસીમાં ગંગાની લહેરોના કારણે પણ મોદી થોડા પ્રમાણમાં શંકામાં હતા. હવે કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીસહિત મોટા દિગ્ગજ નેતાની સામે પણ આવી જ સ્થિતી જોવા મળી રહી છે. રાહુલ ગાંધી ઉત્તરપ્રદેશના અમેઠીમાંથી સતત ત્રણ વખત સાંસદ તરીકે રહી ચુક્યા છે. આ વખતે પણ રાહુલ ગાંધી આ બેઠક પરથી ઉમેદવાર છે. જો કે રાહુલ ગાંધી આ વખતે દક્ષિણ ભારતની કોઇ બેઠક પરથી પણ ચૂંટણી લડવાની યોજના બનાવી રહ્યા છે. કેરળ કોંગ્રેસના અધ્યક્ષ રામચન્દ્રણ દ્વારા તેમને ચૂંટણી લડવા માટે આમંત્રણ આપી ચુક્યા છે. આ હારનો ભય છે કે માયાવતી ચૂંટણી લડવાનો ઇન્કાર કરી ચુક્યા છે. ભાજપ પ્રમુખ અમિત શાહ લાલકૃષ્ણ આડવાણીની બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે. તેઓ ગાંધીનગરની સીટ પરથી ચૂંટણી મેદાનમાં છે. તેઓ છેલ્લી છ ચૂંટણીમાં તેમના સારથી તરીકે રહી ચુક્યા છે. ગાંધીનગરની સીટ તેમને તેમના માટે સૌથી સુરક્ષિત લાગી છે. જેથી ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતાને ટિકિટ આપવામાં આવી નથી. સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે પણ પિતા મુલાયમ સિંહ યાદવની સીટ આજમગઢમાંથી મેદાનમાં ઉતરી જવાનો નિર્ણય કર્યો છે. મુલાયમસિંહ યાદવને મૈનપુરી મોકલી દેવામાં આવ્યા છે. અખિલેશ તેમની પરંપરાગત સીટ કન્નોજ પત્નિ ડિમ્પલને આપી ચુક્યા છે. હવે તેમને એવી સીટની જરૂર હતી જે વધારે સુરક્ષિત હોય. જેથી તેઓએ આજમગઢ સીટની પસંદગી કરી ચુક્યા છે. જ્યાંથી તેઓ જાતિય ગણિતના આધાર પર આસપાસની સીટો પર પણ અસર કરી શકે. આજમગઢમાં આ વખતે યાદવ, મુસ્લિમ અને દલિતના મતના કારણે કોઇ તકલીફ આવનાર નથી. જો કે કેટલાક નવા સમીકરણ ઉભરીને સપાટી પર આવી શકે છે. અખિલેશ અને માયાવતી તમામ બેઠક પર જાતિય સમીકરણ અને ગણિત બેસાડી દેવાના પ્રયાસ કરી રહ્યા છે. હાલમાં એકબાજુ યોગી રામમંદિર, સર્જિકલ સ્ટ્રાઇકના આધાર પર આગળ વધી રહ્યા છે જ્યારે વિરો) પક્ષો જાતિય ગણિતના ભરોસે આગળ વધી રહ્યા છે. એકંદરે દરેક નેતા જોડતોડમાં લાગેલા છે. કેટલાક નેતાની હજુ પણ સીટ બદલાઇ શકે છે. કેટલાક નેતા બે સીટો પર લડી શકે છે. સત્તાના મહાયજ્ઞમાં આહુતિ તો દરેક નેતા આપવા માટે ઇચ્છુક હોય છે. પરંતુ આ આહુતિ દરમિયાન તેમને કોઇ નુકસાન ન થાય તેની ખાતરી કરવા માટે પણ ઇચ્છુક હોય છે. આ વખતની ચૂંટણી પહેલા કરતા વધારે રોમાંચક અને રોચક રેવાની શક્યતા છે.

યોગી રામમંદિર અને સર્જિકલ સ્ટ્રાઇકના ભરોસે : વિપક્ષ જાતિ સમીકરણના ભરોસે

આધુનિક માતા સક્રિય ઓછી

હાલમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અભ્યાસના તારણોમાં જણાવવામાં આવ્યું છે કે આધુનિક માતાઓ હવે શારીરિક રીતે ઓછી સક્રિય થઈ છે અને વધુ સમય ટીવી નિહાળવામાં ગાળે છે. ૧૯૬૦ના દશકમાં માતાઓ શારીરિક રીતે ઘરમાં વધારે સક્રિય રહેતી હતી. તેની સરખામણીમાં હવે શારીરિક રીતે ઓછી સક્રિય રહે છે. આ જ કારણસર આધુનિક માતાઓ ફિટનેશને લઈને પણ ફરિયાદો કરતી રહે છે. અભ્યાસના તારણો ખૂબ જ મહત્વપૂર્ણ છે. અભ્યાસમાં કુકીંગ, સાફ સફાઈ, બાળકોની સંભાળ, લોન્ડ્રીંગ, કસરત જેવી બાબતો સિવાય માતાઓની અન્ય પ્રવૃત્તિમાં પણ અભ્યાસ કરવામાં આવ્યા બાદ તારણો જારી કરાયા છે. આમા જાણવા મળ્યું છે કે ૧૯૬૫થી ૨૦૧૦ સુધીના ગાળામાં માતાઓની અંદર શારીરિક પ્રવૃત્તિઓની સરેરાશ સમયગાળો ૧૪ કલાક ઘટી ગયો છે. મોટાભાગની મહિલાઓ આધુનિક સમયમાં શારીરિક પ્રવૃત્તિ કરતા ટીવી નિહાળવામાં વધારે સમય ગાળે છે. ૬થી ૧૮ વર્ષની વય ગ્રૂપના બાળકોની માતામાં શારીરિક પ્રવૃત્તિ એક સપ્તાહમાં ૧૧.૧ કલાક સુધી ઘટી ગઈ છે. જ્યારે પાંચ વર્ષ અથવા તો તનાથી નીચેની વયના બાળકોની માતાઓમાં શારીરિક પ્રવૃત્તિ એક સપ્તાહમાં ૧૪ કલાક સુધી ઘટી ગઈ છે. ઉર્જા ખર્ચમાં પ્રતિ સપ્તાહ ૧૨૩૮ કેલોરીનો ઘટાડો થયો છે. આંકડા દર્શાવે છે કે ૨૦૧૦માં માતાઓ ૧૯૬૫માં માતાઓની સરખામણીમાં એક દિવસમાં ૧૭૫થી ૨૨૫ ઓછા પ્રમાણમાં કેલોરીનો ઉપયોગ કરે છે. તેમના વજનને જાળવી રાખવા માટે અગાઉની મહિલાઓ વધારે શારીરિક પ્રવૃત્તિઓ કરતી હતી. ઘરમાં રહેતી માતાઓની શારીરિક પ્રવૃત્તિ બે ઘણી ઘટી ગઈ છે. તેમના વર્તનમાં પણ ફેરફાર થયા છે. જેમ જેમ પેઢીઓ નવી આવી રહી છે તેમ માતાઓમાં શારીરિક રીતે નિષ્ક્રિયતા વધી રહી છે. સ્થૂળતા વધી રહી છે. બિનસક્રિયતાના જોખમો વધી રહ્યા છે જેથી બાળકો પણ આ જ દિશામાં આગળ વધી રહ્યા છે. આરોગ્ય અને ફિટનેશ માટે શારીરિક પ્રવૃત્તિ ખૂબ જ મહત્વપૂર્ણ બાબત છે.શારીરિક પ્રવૃત્તિ વહેલી તકે મોતના ખતરાને ટાળે છે.

લોકસભા ચૂંટણી : ભાજપ જોરદાર રીતે મુદ્દાને ચગાવવા તૈયાર

ભાજપ એરસ્ટ્રાઇકને મુદ્દો બનાવશે

જમ્મુ કાશ્મીરના પુલવામા ખાતે સીઆરપીએફના કાફલા પર આત્મઘાતી હુમલો કરવામાં આવ્યા બાદ મોદી સરકાર અને ભારતીય સેનાએ ખુબ જ સફળતાપૂર્વક કાર્યવાહી કરી છે તેમાં કોઇ બેમત નથી. ત્રાસવાદના મામલે મોદી સરકારે સૌથી અસરકારક વલણ અપનાવીને દુશ્મનને યોગ્ય જવાબ આપ્યો છે. જેને દુનિયા પણ સ્વીકારી રહી છે. આ મામલે આજે ભારતને વૈશ્વિક સમર્થન મળી રહ્યુ છે. પરંતુ આનો અર્થ એ નથી કે વિપક્ષ સરકારને પ્રશ્નો કરવાનુ બંધ કરી દે. વિપક્ષ પાસેથી પ્રશ્નો પુછવા માટેનો અધિકાર આંચકી લેવાની બાબત તેના અસ્તિત્વ સામે સવાલ ઉભા કરી શકે છે. જદે જનતંત્ર માટે કોઇ સારી બાબત નથી. સરકારને એક બાબત તો હમેંશા ધ્યાનમાં રાખવાની જરૂર છે કે વિપક્ષ દ્વારા કરવામાં આવેલા પ્રશ્નોનો જવાબ સરકારને આપવાની જરૂર છે. પુલવામા હુમલામાં જો કોઇ સુરક્ષા ખામી છે તો તે અંગે સરકારને માહિતી આપવી પડશે. સવાલ કરનારને પાકિસ્તાની કહી દેવાની બાબત યોગ્ય નથી. પ્રજાતંત્રમાં જવાબદારીથી છટકી શકાય નહીં. પ્રશ્ન કરનાર રાષ્ટ્રવિરોધી નથી. લોકસભા ચૂંટણી માટે રણશિંગુ ફુંકાઇ ગયુ છે કે આ વખતે લોકસભાની ચૂંટણીમાં અનેક મુદ્દા છવાશે. જો કે ભારતીય જનતા પાર્ટી બાલાકોટ હવાઇ હુમલાને મુખ્ય મુદ્દો બનાવવા માટે તૈયાર છે. બાલાકોટ હવાઇ હુમલા બાદ સરકારની છાપ ત્રાસવાદ સામે એક કઠોર કાર્યવાહી કરનાર તરીકેની રહી છે. એકબાજુ પ્રચારમાં મોદી અને ભાજપના લોકો પાકિસ્તાન અને કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષોને એક સમાન ગણાવવાના પ્રયાસ કરશે તો બીજી બાજુ કોંગ્રેસ



કોંગ્રેસ પાર્ટી ચૂંટણી માહોલ વચ્ચે એર સ્ટ્રાઇકને લઇને પ્રશ્ન કરી પોતાના માટે નવી સમસ્યા સર્જી રહી છે : મોદી સરકારનો બોંબ ઘાતક છે

અને અન્ય પક્ષો રોજગાર અને ખેડુતોને લઇને ભાજપ સામે પ્રહાર કરનાર છે. કોંગ્રેસ પાર્ટી પર રાષ્ટ્રીય હિતો સાથે બાંધછોડ કરવાનો આરોપ ભારતીય જનતા પાર્ટી લગાવી રહી છે. પાકિસ્તાન અને કોંગ્રેસ એક ભાષામાં વાત કરે છે તેવા આરોપો કરવામા આવી રહ્યા છે. બાલાકોટ બાદ વડાપ્રધાને એવા દાવા કરવાની શરૂઆત કરી દીધી છે કે દેશ બિલકુલ સુરક્ષિત હાથમાં છે. ભાજપ અને તેના સાથી પક્ષો આ મુદ્દાને સતત ઉઠાવી રહ્યા છે. મોદી હે તો મુમકીન હેનો નારો આપી દેવામાં આવ્યો છે. એવા માહોલની રચના કરવામા આવી રહી છે કે મોદી છે તો દરેક મુશ્કેલ કામ શક્ય છે. પાકિસ્તાનમાં હવાઇ હુમલા બાદ લોકસભાની ચૂંટણીમાં એરસ્ટાઇક મુખ્ય મુદ્દો બનનાર છે તે બાબત તો પાકી છે. કોંગ્રેસ પાસે તેની સામે કોઇ આક્રમક મુદ્દો દેખાઇ રહ્યો નથી. સર્વેમાં પણ એનડીએની લીડ આવી રહી છે. પુલવામા ત્રાસવાદી હુમલા બાદ પાકિસ્તાનમાં ઘુસીને બાલાકોટમાં ત્રાસવાદી કેમ્પો પર કરવામા આવેલા હવાઇ હુમલા બાદ એનડીએની સ્થિતી વધારે મજબુત બની છે. બાલાકોટ એર સ્ટ્રાઇક બાદથી એનડીએને ૧૩ સીટોનો ફાયદો થયો છે. આ પહેલા એનડીએને ૨૭૦ સીટો મળી રહી હતી. હવે આ સંખ્યા ૨૮૩ સીટો સુધી પહોંચી ગઇ છે.ય બાલાકોટ બાદ ઉત્તરપ્રદેશમાં ભાજપને સૌથી વધારે સીટો વધી છે. યુપીમાં ત્રણથી વધારે સીટોનો ફાયદો થઇ રહ્યો છે. જ્યારે બિહાર, મધ્યપ્રદેશ, રાજસ્થાનમાં પણ ફાયદો થઇ રહ્યો છે. યુપીમાં પહેલા ભાજપને ૩૯ સીટોની વાત કરવામાં આવી રહી હતી. હવે આ સંખ્યા ૪૨ થઇ ગઇ છે. સટ્ટાબજાર બાદ વહે ટાઇમ્સ નાઉ અને વીએમઆરના સર્વેમાં પણ કેટલીક બાબતો સપાટી ઉપર આવી રહી છે. હિન્દી પટ્ટા દિલ્હીમાં સાતે સાત સીટ પર ભાજપની જીત થઇ શકે છે. મધ્યપ્રદેશમાં ૨૨ સીટો અને રાજસ્થાનમાં ૨૦ સીટો મળી શકે છે. બંગાળમાં પણ ભાજપ સારો દેખાવ કરશે. સટ્ટા માર્કેટમાં કહેવામાં આવ્યુ છે કે એનડીએ સરકાર કેન્દ્રમાં સરળતાથી નવી સરકાર બનાવી લેશે. સટ્ટા માર્કેટમાં દાવો કરવામાં આવ્યો છે કે ભાજપ એકલા હાથે ૨૫૦થી વધારે સીટ જીતી જશે. જ્યારે એનડીએ તો ૩૦૦-૩૧૦ સીટ જીતી જશે.સર્વે મુજબ એનડીએને ૫૪૩ પૈકી ૨૮૩ સીટો અને યુપીએને ૧૩૫ સીટ મળી શકે છે. સટ્ટા બજાર અને સર્વેમાં સ્થિતી મજબુત થયા બાદ ભારતીય જનતા પાર્ટી અને તેમના સાથી પક્ષો એર સ્ટ્રાઇરને જ મુખ્ય મુદ્દો બનાવશે .

લોકસભા ચૂંટણી : કોંગ્રેસ ટક્કરને ચતુષ્કોણીય બનાવવા માટે ઇચ્છુક

બંગાળમાં ભાજપ-મમતા વચ્ચે જંગ

મમતા બેનર્જીના ગઢ ગણાતા પશ્ચિમ બંગાળમાં ભારતીય જનતા પાર્ટી અને તૃણમુળ કોંગ્રેસ વચ્ચે આ વખતે સીધી સ્પર્ધા થનાર છે. બંગાળની કુલ ૪૨ સીટો પૈકીની ૨૨ પ્લસ સીટો જીતવા માટે ભાજપ પ્રમુખ અમિત શાહે આક્રમક તૈયારી કરી લીધા બાદ મુખ્યપ્રધાન અને ટીએમસીના નેતા મમતા બેનર્જી પણ ટક્કર લેવા માટે નવી રણનિતી શોધી રહી છે. બંગાળની રાજનીતિ પર નજર રાખી રહેલા મોટા ભાગના રાજકીય પંડિતો માની રહ્યા છે કે આ વખતે સ્પર્ધા મમતા બેનર્જીની પાર્ટી અને ભાજપ વચ્ચે છે. આ મોટા પક્ષની લડાઇમાં એકબાજુ કોંગ્રેસ પાર્ટી સ્પર્ધાને ચતુષ્કોણીય બનાવી દેવા માટે ઇચ્છુક છે. જ્યારે બીજુ બાજુ ભારતીય જનતા પાર્ટી આક્રમક ઇરાદા સાથે તમામ તાકાત બંગાળમાં લગાવી રહીછે. મોદી, અમિત શાહ અને યોગી આદિત્યનાથ સહિતના તમામ સ્ટાર પ્રચારકો અહીં ઝંઝાવતી પ્રચાર કરનાર છે. આ પ્રકારની જોરદાર સ્થિતી વચ્ચે હાલમાં ખતમ થવાના આરે પહોંચી ગયેલા ડાબેરીઓ તેમના અસ્તિત્વની લડાઇ લડવા માટે તૈયાર છે. કોંગ્રેસ પાર્ટીની હાલત પણ એવી જ દેખાઇ રહી છે. ભાજપ પ્રમુખ અમિત શાહ સ્પષ્ટ પણે માને છે કે જો પાર્ટી મિશનમાં સફળ રહેશે તો દિલ્હીની સત્તા હાંસલ કરવાની બાબત તેમના માટે ખુબ સરળ બની જશે. વિધાનસભા ચૂંટણીમાં પણ પાર્ટી મમતાની સામે જોરદાર રીતે ઉભી થઇ જશે. બંગાળ કોઇ સમય ડાબેરીઓના ગઢ તરીકે રહ્યા બાદ મમતાએ તેમના શાસનનો અંત આણ્યો હતો. સમય બદલાઇ ગયાબાદ રાજયની રાજનીતિ પણ બદલાઇ ગઇ હતી. સૌથી મોટા ફેરફાર એ થયા છે કે બંગાળમાં હવે ડાબેરીઓ તો ફેંકાઇ ગયા છે પરંતુ મમતાની સામે ભાજપે



ભાજપ પ્રમુખે બંગાળમાં ૨૨ પ્લસ સીટો જીતવા માટેના લક્ષ્યાંકને પાર પાડવા મોદી, શાહ, યોગીને મેદાનમાં ઉતરશે : ડાબેરીઓ ફરી સક્રિય

મોટી સમસ્યા ઉભી કરી દીધી છે. રાજકીય રીતે ભારતીય જનતા પાર્ટીએ તેમની સ્થિતી દિન પ્રતિદિન વધુને વધુ મજબુત કરી છે. ડાબેરીઓ જુની નીતિના કારણે આ મુદ્દા પર લડી રહી છે. દીદીના નામથી લોકપ્રિય તૃણમુળ કોંગ્રેસના નેતા મમતા બેનર્જીનુ પ્રભુત્વ દેખાઇ રહ્યુ છે. પંચાયતથી લઇને વિધાનસભા સુધી તૃણમુળ કોંગ્રેસના ધ્વજ જોવા મળી રહ્યા છે. આસપાસ કોઇ પાર્ટી નજરે પડી રહી નથી. ભારતીય જનતા પાર્ટી છેલ્લા કેટલાક વર્ષોમાં કોંગ્રેસ અને ડાબેરીઓને પછડાટ આપીને હરિફ પાર્ટી બની રહી છે. જો કે બંને વચ્ચે અંતર હજુ પણ ખુબ વધારે છે. આવી સ્થિતીમાં શાહ જો ૨૨ સીટના મિશન સુધી પહોંચી જશે તો મમતા બેનર્જીની વિદાય પણ નિશ્ચિત બની શકે છે. આ અંતરને દુર કરવા માટે ભારતીય જનતા પાર્ટીએ જોરદાર તૈયારી જારી રાખી છે. મમતા બેનર્જી તેમની રાજકીય તાકાતને જાળવી રાખવા માટે પણ મથામણ કરી રહ્યા છે. એક પાર્ટી હિન્દુ મતને તેમની સાથે રાખવા માટે દરેક દાવપેંચ રમી રહી છે. બીજી બાજુ મમતાની પાર્ટી પ્રદેશમાં ૨૮ ટકા મુસ્લિમોને પોતાની તરફેણમાં રાખવા માટે પ્રયાસ કરી રહી છે. બંને પાર્ટીઓની આ રાજનીતિના કારણે રાજકીય માહોલ બદલાઇ રહ્યોછે. પ્રદેશની રાજનીતિ હવે હિન્દુ અને મુસ્લિમ એમ બે સ્તર પર આવી ગઇ છે. ડાબેરીઓને તેમના અસ્તિત્વને જાળવી રાખવા માટે ભારે મહેનત કરવી પડી રહી છે. ડાબેરીઓને જન સમર્થન મળી રહ્યુ નથી. સંગઠનના સહારે ડાબેરીઓ અને રાહુલ ગાંધીના ભરોસે કોંગ્રેસ પાર્ટી આગળ વધી રહી છે. વિપક્ષી દળોને એક મંચ પર લાવવા માટેના પ્રયાસ મમતા બેનર્જી છેલ્લા કેટલાક સમયથી કરતા રહ્યા છે. ઐતિહાસિક બ્રિગેડ મેદાન ખાતે ૧૯મી જાન્યુઆરીના દિવસે વિપક્ષી દળોના ૨૪ નેતા એક મંચ પર આવ્યા હતા. હકીકતમાં મમતાની નજર કેન્દ્ર પર પણ છે. બીજી બાજુ ભાજપની નજર બંગાળ પર છે. મમતાની ૪૨ પૈકી ૪૨ સીટો જીતવાની ગણતરી છે. ભાજપ ૪૨ પૈકી ૨૨ પ્લસ સીટો જીતવા માટે ઇચ્છુક છે. બાજપ તરફથી મોદી, શાહ અને યોગીની ત્રિપુટી પ્રચાર માટે મેદાનમાં ઉતરી ચુકી છે. કોંગ્રેસ માટે રાહુલ ગાંધી મેદાનમાં ઉતરી ચુક્યા છે. ડાબેરીઓ પોતાની રીતે આગળ વધવા માટે ઇચ્છુક છે.

મોટી સંખ્યામાં યાત્રી દિવસભર મુસાફરી કરશે તો જ લાભનો સોદો

બુલેટ ટ્રેનને લઈને અનેક પ્રશ્નો

